વિચરતી અને વિમુકત જાતિના ૫૦ તેજસ્વી
વિદ્યાર્થીઓને રૂ.૪૦,૦૦૦/- લેખે સહાય આપવા
ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ
શિક્ષણ મળે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા
કરવા બાબત.
નવી બાબત રૂ.૨૦.૦૦ લાખ, ૨૦૧૪-૧૫(પ્લાન)

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સશપ-૧૦૨૦૧૪/NB-૧૭૫/અ૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૭/૮/૧૪

વંચાણે લીધોઃ- (૧) નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ ખાતાનો તા. NIL/૬/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃ- અજાક/ગ-૧/૨૦૧૪-૧૫

ઠરાવઃ-

વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારની શૈક્ષણિક યોજનાઓ અમલમાં છે. શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસ અન્વયે વિચરતી અને વિમુકત જાતિના હોંશિયાર વિદ્યાર્થીઓને ઉત્તમ ગુણવત્તા વાળી આવાસીય શાળાઓમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ પુરૂં પાડવા માટેની "ટેલેન્ટ પુલનું નિર્માણ" નામની યોજના સક્રિય વિચારણા હેઠળ હતી.

"ટેલેન્ટ પુલનું નિર્માણ" ની યોજના અંતર્ગત ૫૦ મેધાવી (મેરીટોરીયર્સ) વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવીને અન્ય સમાજની હરોળમાં બરોબરી કરી શકે અને તેઓ પુરા આત્મવિશ્વાસથી ઉભા રહી શકે તેવા બનાવવાના મૂળ આશયથી પુખ્ત વિચારણાને અંતે "ટેલેન્ટ પુલનું નિર્માણ" કરવાની યોજનાના અમલ માટે વિચરતી અને વિમુકત જાતિના ૫૦ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ રૂ.૪૦,૦૦૦/- લેખે સહાય આપવા માટે વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં કુલ રૂ.૨૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેની ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. **આ યોજના શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ થી અમલી બનશે.**

૨. <u>વિદ્યાર્થીઓની પસંદગી માટેનું ધોરણઃ-</u>

અ) વિચરતી અને વિમુકત જાતિના ધોરણ-૧૦માં પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા ગોઠવીને તેમાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવીને મેરીટમાં આવનાર ૫૦ વિદ્યાર્થીઓને ટેલેન્ટ પુલની યોજના હેઠળ પસંદ કરેલી શાળાઓમાં પ્રવેશ આપવાનો રહેશે.

(૮)

બ) પ્રાથમિક શાળામાં ધોરણ-૫ ની પરીક્ષામાં પ્રથમ કે દ્વિતિય સ્થાને ઉતીર્ણ થયેલ વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓ કે જેમણે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા તરફથી લેવાતી રાજય કક્ષાની પ્રવેશ માટેની સંયુકત પરીક્ષા અગ્રતાક્રમે પાસ કરી હોય તેઓ અગ્રતાના ધોરણે પસંદગી પામેલ શાળાઓમાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

આ ઉપરાત નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના નિયંત્રણ હેઠળ આદર્શ નિવાસી શાળાઓમાં મહત્તમ ગુણથી માધ્યમિક બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને અગ્રતાના ધોરણે સદરહુ શાળાઓમાં ધોરણ-૧૧ માં પ્રવેશ આપી શકાશે.

ક) દરેક શૈક્ષણિક વર્ષને અંતે વિદ્યાર્થીએ લધુતમ ૬૦ ટકા માર્કસ સાથે ઉતીર્ણ થવાનું ર હેશે. અને શાળાના નિયમો મુજબની હાજરી આપવાની રહેશે.

ડ) <u>આવક મર્યાદાઃ-</u>

જે વાલીની વાર્ષિક આવક રૂ. ૨ લાખ સુધીની હોય તેમના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

જે વાલીની વાર્ષિક આવક રૂ. ૨ લાખથી રૂ. ૩ લાખ સુધીની હોય અને તેઓ આ યોજનામાં જોડાવા માંગતા હોય તો તેઓએ આ યોજનામાં થનાર ખર્ચના ૫૦ ટકા રકમ પોતે ભોગવવાની રહેશે.

## ૩. શાળાઓની પસંદગી

ટેલેન્ટ પુલ માટે પસંદ કરવામાં આવેલ શાળા નિવાસની સુવિધાવાળી,ઉત્તમ ગુણવત્તાવાળી અને શહેરી વિસ્તારમાં આવેલી હોવી જોઇએ. સદરહું શાળાઓની પસંદગી દૈનિક પત્રોમાં જાહેરાત આપીને, શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી દરખાસ્તો મેળવીને, શાળાની શૈક્ષણિક તથા અન્ય ભૌતિક સુવિધાઓની ઉપલબ્ધિ તથા ફીની વિગતો ધ્યાને રાખીને કરવાની રહેશે.

ભાગ લેનાર સંસ્થાઓ ટેલેન્ટ પુલ યોજના હેઠળ પસંદગી પામેલા વિદ્યાર્થીઓ તેમજ અન્ય વિદ્યાર્થીઓ વચ્ચે કોઇ પણ જાતનો ભેદભાવ રાખી શકશે નહિ, તદઉપરાંત, જો આ વિદ્યાર્થીઓને શરૂઆતમાં વિશેષ ધ્યાન અથવા સુવિધાઓની જરૂર હોય તો તે પણ આપવાના રહેશે.

પસંદગી પામેલ શાળાએ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા સાથે આ અંગેના સ્પષ્ટ MEMORENDUM OF UNDERSTANDING કરવાના રહેશે.

સંબંધિત સંસ્થાએ વિદ્યાર્થીનો શૈક્ષણિક પ્રગતિ અહેવાલ દર ત્રણ માસે નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ ખાતા તથા તેના વાલીને મોકલવાનો રહેશે અને નિયામકશ્રીની કચેરીએ દરેક વિદ્યાર્થીના પ્રગતિ અહેવાલની ફાઇલ નિભાવવાની રહેશે. તેમજ સમયાંતરે વિદ્યાર્થીની કાર્યદક્ષતાનું મૂલ્યાંકન કરીને આનુષાંગિક પગલાઓ લેવાના રહેશે.

૪:- શૈક્ષણિક સુવિધા:-

૧. કલાસ રૂમ એજયુકેશન

૨. વિચરતી અને વિમુકત જાતિના બાળકોને વિશેષ પ્રાઇવેટ ટયુશન બેચની વ્યવવસ્થા સ્કુલ કરેશે.

૩. વિદ્યાર્થીઓની કુશળતા, સામાન્ય જ્ઞાન, બુધ્ધિ અને રમતગમત કૌશલ્યના વિકાસની સુવિધાઓ શાળા પ્રદાન કરશે.

૪. વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રીડીંગ અને રાઇટીંગ સ્કીલની વિશેષ સુવિધા શાળા ગોઠવશે.

૫. વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓના ઇતર વાંચન માટે લાયબ્રેરીની સગવડ શાળા પ્રદાન કરશે.

૬. રાજય અને રાષ્ટ્રિય પ્રતિભા શોધ સ્પર્ધાઓમાં બાળકો જોડાવવા ઇચ્છે તો, એ માટેની માર્ગદર્શક સેવા શાળા પુરી પાડશે.

૭. વિચરતી અને વિમુકત જાતિના બાળકો પ્રથમ વર્ષે પ્રવેશ મેળવે ત્યારે તેઓનું શાળાના વાતાવરણમાં યોગ્ય સમાયોજન થાય તે ઘણું જરૂરી હોઇ શાળા શરૂ થવાના ૧૦ દિવસ પૂર્વ અને શાળા શરૂ થયાના ૧૦ દિવસ પછી એમ કુલ ૨૦ દિવસ વિશેષ પ્રકારનું એડજસ્ટમેન્ટ.-કમ-કાઉન્સલીંગ સેશન પેકેજ શાળા પૂરૂ પાડશે.

૮. વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ અને મૂલ્યાંકનનો વ્યકિતગત પ્રગતિ અહેવાલ શાળા રજૂ કરશે.

૯. ડે બોર્ડર તરીકે પસંદગી પામનાર વિદ્યાર્થીઓને શાળા દરમિયાન શિક્ષણ કાર્ય, એકસ્ટ્રા કોચીંગ, પુસ્તકાલય સુવિધા સિવાયની તમામ સુવિધાઓ શાળા પૂરી પાડશે.

૧૦. શાળાએ પોતાના એક સક્ષમ શિક્ષકને આ વિદ્યાર્થીઓના CARE TAKER/સલાહકાર તરીકે મુકવાના રહેશે. જે હંમેશ ટેલેન્ટ પુલના.વિદ્યાર્થીઓના સાથી કમ માર્ગદર્શક બની રહેશે.

૧૧. આ ઠરાવ બાબતે સ્પષ્ટતા મેળવવા અથવા કોઇ સમસ્યા ઉભી થાય તો તેનું નિરાકરણ નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ  કરવાનું રહેશે. તથા જરૂર જણાયે નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ માર્ગદર્શન મેળવવાનુ રહેશે.

૧૨. સંજોગોવસાત કોઇ વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષની અધવચ્ચેથી શાળા છોડી દે તો, તેવા કેસમાં સંસ્થાએ ડિપોઝીટની રકમ પરત કરવાની રહેશે અને બાકીની રકમમાંથી ખરેખર ખર્ચ તેમાના વાલીએ ભોગવવાનો રહશે.

૧૩. પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીના શૈક્ષણિક વર્ષના અભ્યાસનું પુનરાવર્તન કરવું સંસ્થાને જરૂરી જણાય તો વિદ્યાર્થીના વાલીની પૂર્વ સંમત્તિથી સંસ્થા તે અંગેનો નિર્ણય લઇ શકે છે.

૫. શૈક્ષણિક તથા આવાસીય સુવિધા માટે ખર્ચના પેકેજની વિગતો:-

૧) શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન આ યોજના અંતર્ગત કુલ વિચરતી અને વિમુકત જાતિના ૫૦ વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.

૨) શૈક્ષણિક પેકેજ જેમાં રજિસ્ટ્રેશન ફોર્મની કિમંત, રજિસ્ટ્રેશન અને પ્રોસેસીંગ ફી, પ્રવેશ ફી, સિકયુરીટી ડીપોઝીટ, ટયુશન ફી તથા વિદ્યાર્થીની જરૂરીયાત મુજબ વધારાની ટયુશન ફીમાંનો સમાવેશ થશે.

૩) છાત્રાલયફીમાં સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી જુદી જુદી સુવિધાઓ, તથા નિવાસ અંગેની ફીનો સમાવેશ થશે.

૪) વિકાસ ફંડ, વાર્ષિક પરચુરણ ખર્ચ, વાહન વ્યવહાર ચાર્જીસ (યોગ્ય જણાય તો) તથા સંસ્થા દ્વારા સામાન્ય રીતે લેવામાં આવતી અન્ય ફી.

૫) વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૨૦૦૦/- ની મર્યાદામાં પુસ્તકો તથા સ્ટેશનરીનો ખર્ચ

૬) શાળાના નોર્મ્સ પ્રમાણે વિદ્યાર્થીઓને આપવાનો ખિસ્સા ખર્ચ અથવા માસિક રૂ. ૨૫- વિદ્યાર્થીદીઠ (વેકેશન પીરીયડ સિવાય)

૭) રજા દરમ્યાન અથવા શિક્ષક સાથેની મીંટીગ માટે વિદ્યાર્થી તથા તેમના વાલીએ શાળાએથી ઘરે અને ઘરેથી શાળાએ આવવા-જવા માટેનો વાહન વ્યવહાર અંગેનો ખર્ચ (બે વખત માટે)

૮) યુનિફોર્મ, નાઇટ સુટ, પથારી, પાગરણ, બુટ-મોજા અને શાળામાં સામાન્ય રીતે પહેરવાના જરૂરી કપડા માટે પ્રથમ વર્ષે રૂ. ૪૦૦૦/- અને પછીના વર્ષો દરમ્યાન રૂ.૨૦૦૦/ પ્રમાણે વિદ્યાર્થી દિઠ.

૯) સાબુ, તેલ, કાંસકો, ટુથપેસ્ટ, બ્રશ, વિગેરે સહિતની દૈનિક જરૂરિયાતોની કીટ માટે માસિક રૂ.૭૫/- પ્રમાણે વિદ્યાર્થી દિઠ (વેકેશન સિવાય)

૧૦) માંદગી/અકસ્માતના પ્રસંગે તબીબી સારવાર માટે ડોકટરનો કન્સલ્ટેશન ચાર્જ દવાઓ અને સારવારનો ખર્ચ (વાજબીપણા મુજબ)

૧૧) ફી અને અન્ય ખર્ચનું ચુકવણું જુન અને ડીસેમ્બર એમ બે વખત અર્ધ વાર્ષિક હપ્તાઓમાં કરવાનું રહેશે.

આમ છતાં, શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જૂન માસમાં એડવાન્સમાં ચુકવણું કરવાનું રહેશે અને બાકી રહેતા ખર્ચનું રીએમ્બસમેન્ટ કરવાનું રહેશે.

૧૨) ગંભીર પ્રકારની ગેરવર્તણૂંકના કિસ્સા સિવાય શાળા વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરી શકશે નહિં અને પ્રવેશ રદ કરવાના કિસ્સામાં તેના વાલીને અન્ય શાળામાં પ્રવેશ અંગેની વ્યવસ્થા માટે પૂરતો સમય આપવાનો રહેશે.

૧૩) સાહસ અંગેના કાર્યક્રમો, પિકનિક, રમતગમતની ટેર્નામેન્ટ, વગેરેમાં ભાગ લેવા માટે થનાર ખર્ચ અંગેનું ચુકવણું વિદ્યાર્થીના વાલીએ અલગ રીતે સીધું સંસ્થાને કરવાનું રહેશે.

૬. આ અંગેનો ખર્ચ વર્ષઃ ૨૦૧૪-૧૫ના બજેટ જોગવાઇને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૭. પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરવાની લેવાની રહેશે.

૮. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

૯. આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૧૦. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૧. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૨. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોયતો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૩. ભારત સરકાર તરફથી જોઇ કોઇ ગ્રાન્ટ મળવાપાત્ર થતી હોયતો, તે મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે..

૧૪. આ અંગેની યોજના અંગેના ચોકકસ નિયમો તૈયાર કરી રાજય સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય સદર-૮૦ સામાન્ય , ગૌણ સદર-૧૦૧ વિમુકત અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ પેટા સદર ૨૧ વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પુલ યોજના હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(નાણાં)ની તા.૨૫/૬/ ૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.ભાવસાર)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ..ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ ..ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.